## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ટિકીટ ટાણે સોનાના ત્રાજવે તુલાય છે!*
*ગૂલાંટ ટાણે અ-સભ્ય મૂલ્યોથી મુલાય છે!*
*ભૂલાય પોતાની જ ભૂલ ખોટી પરખની -*
*હીરા ફેંકી ખરીદે પાણા પછી પસ્તાય છે*
*(ખોટા ઉમેદવારોની પસંદગી)*

**હાઈકુ**

*હોય છે દૃષ્ટિ*
*ભૂખ્યાં ગીધોની માત્ર*
*મડદાં પર...*
*(લાલચી સદસ્યો)*

*ડૂબે છે પક્ષ,*
*ખોટી પસંદગીથી -*
*વેંચાય નિષ્ઠા!*

### ચિંતન

**આરંભૈતેવ કર્માણિ, શ્રાન્તઃ શ્રાન્તઃ પુનઃ પુનઃ ।**
**કર્માણ્યારભયાણાં હિ પુરુષં શ્રીર્નિષેવતે ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત રત્નાવલિમાંથી લેવામાં આવેલ છે.

જે કા મતમે એકવાર હાથમાં લ્યો પછી થોડો થાક લાગે,કંટાળો આવે તો પણ, થોડોક વિશ્રામ લઈને, થાક ખાઈને, ફરી ફરી, ધીમે ધીમે પણ કર્મ કરતાં રહેવું જોઈએ. કર્મને કોઈ પણ સંજોગોમાં અધૂરું ન છોડનાર પુરુષની સેવામાં લક્ષ્મીજી પણ ઉપસ્થિત રહે છે.

માનવીના શરીરમાં વીજળીવંત ચૈતન્ય હોવું જોઈએ. સાદી ભાષામાં ચંચળતા કહેવામાં આવે છે. આવા માણસો દરેક કામ ઉત્સાહ અને ત્વરાથી કરે છે. જયારે કેટલાક માણસો પોતાની નિત્યક્રમ જેવી પ્રવૃત્તિ મડદાલની જેમ પાંચવાર પૂછીને કરે છે. એમના કાર્યમાં ત્વરા કે ઉત્સાહ નથી હોતા.

### સુવિચાર

- ‘મૈત્રી’ એટલે પ્રત્યાયન (કમ્યુનિકેશન)ની ચરમસીમાનું દિવ્યગાન - **ગુણવંત શાહ**
- આપણા યુગમાં પવિત્રતા તરફ જતો માર્ગ અનિવાર્યપણે
  કર્મજગતમાંથી પસાર થાય છે - **દાગ હેમરશિલ્ડ**
- જે માણસ પહેલો હાત ઉપાડે તે કબૂલ કરે છે કે વિચારો ખૂટી પડ્યા છે - **ચીની કહેવત**
- ધ્યાન એટલે જીવનમાંથી પલાયન થવું એવું નથી,
  પરંતુ જીવનમાં ખરેખર ઓતપ્રોત થવું તે - **ધ્યાનસૂત્ર**
- તમારી ભીતર ડોકિયું કરો... તમો જ બુદ્ધ છો - **બુદ્ધ**
- મનડાં રંગાણાં વિના ભગતિ ન ભાવે રે...
  ભીંતર ભેદાણાં વિના સમાધિ ન લાગે રે... - **દુલાભાયા કાગ**
- આજનું ઔષધ : ઓર્ગેનિક ગોલ નવશેકા પાણીમાં ઓગાળીને પીવાથી દારુનો નશો ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બહેરો માણસ હતો એને સાંભળવાનું યંત્ર ખરીદવું પડે તેમ હતું. પરંતુ તે ઝાઝા પૈસા ખર્ચી શકે તેમ ન હતો. એક દુકાનમાં જઈ તેણે પૂછ્યું. ‘હિયરિંગ એઈડ્સની કિંમત શું છે?’ દુકાનદાર ‘અમારી પાસે પચાસ રુપિયાથી બે હજાર રુપિયા સુધીના સાધન છે. તમને કયું દેખાડું ?’ ‘પેલાએ કહ્યું, ‘પચાસ રૂપિયાવાળું જ બતાવો.’ દુકાનદારે એક સાધન કાઢીને એની દોરી પેલા ગ્રાહકની ડોક પાસે ગોઠવીને કહ્યું, ‘આ એક બટન છે. એને તમારા કાનમાં ભરાવી દો અને એનો બીજો છેડો તમારા શર્ટના ખિસ્સામાં મૂકી દો.’ પેલો માણસ કહે ‘આમાં પાવર નથી બીજી કોઈ મશીન જેવી વ્યવસ્થા તો નથી. તો આ કેવી રીતે ચાલી શકશે ?’દુકાનકારે કહ્યું, ‘જયારે તમે કોઈ સાથે વાત કરવા જશો ત્યારે આપનું આ સાધન જોઈને લોકો આપની સાથે મોટેથી બોલીને વાત કરવા લાગશે. અને આપને એનો અવાજ આપ મેળે જ સંભળાશે.’ મોટા ભાગના લોકોની કોમ્યુનિકેશનની સંદેશા વ્યવહારની સમસ્યા એટલી હોતી નથી કે લોકો ધીમેથી બોલે છે. આપણે સારા શ્રોતા નથી હોતા. કાને પડી જાય એ ખરું સાંભળવાનું નથી. બોલનારી વ્યક્તિ કયા સંદર્ભમાં કેવા ઈરાદા સાથે બોલે છે એ કાળજીપૂર્વક સાંભળવું એ ખરા અર્થમાં અસરકારક કોમ્પ્યુનિકેશનની ગુરુ ચાવી છે. આથી જ તો વડીલોએ કહ્યું છે કે ઈશ્વરે આપણને જીભ એક જ આપી છે, પણ કાન બે આપ્યા છે.

# સંપૂર્ણ લોકડાઉનનું સ્વેચ્છાએ પાલન કરીએ

**તંત્રીસ્થાનેથી...**

નોવેલ કોરોના વાઈરસ સામેની લડાઈમાં દરેક વ્યક્તિએ એક સૈનિકની જેમ સામેલ થવાની જરૂર છે. વાઈરસ દેખાતું નથી અને આપણને શરદી-ખાંસી-તાવ જેવાં કોઈ લક્ષણો નથી, એથી આપણે સલામત છીએ એમ માની લેવાની જરૂર નથી. દુનિયાભર આજે કોરોના વાઈરસના ભરડામાં આવી ગઈ છે. શરૂઆત જે દેશમાંથી થઈ હતી ત્યાં કડક પગલાંને કારણે એનો કોપ શમી ગયો છે. વુહાન વાઈરસનો વુહાનમાંથી સફાયો કરવામાં ચીનને ધાર્યા કરતાં ઘણાં ઓછા સમયમાં સફળતા સાંપડી છે. બીજિંગ પછીનું સૌતી અગત્યનું ચીનનું આ શહેર ફરી ધબકતું થઈ ગયું છે. એક રીતે આ ઘટના દુનિયા માટે પ્રેરણારુપ બની શકે એમ છે. યુરોપના દેશોને વાઈરસે એના સપાટામાં લીધા છે. પ્રગતિશીલ અને મેડિકલ ક્ષેત્રે પહેલી પહોળમાં ગણાતા ઈટાલીની દુર્દશાથી એના વડાપ્રધાનની જેમ આપણી આંખોમાં પણ આંસુ ઊમટે એવી દર્દનાક પરિસ્થિતિ સરજાઈ છે. ભારતમાં મોડો પ્રવેશેલો કોરોના વાઈરસ વધુ ઝડપથી એની માયાજાળ વિસ્તારી રહ્યો છે. આખરે એનાથી મુક્તિ પામવાનો એક માત્ર ઉપાય ‘લોકડાઉન’રહેવામાં હતો, જેનું પાલન કરવા માટે સરકારી તંત્રને કડકાઈ પણ વાપરવી પડે તો તે આવકારદાયક જ દેખાવી જોઈએ. કોરોના વાઈરસથી થતાં મૃત્યુનો આંકડો પણ રોજે રોજ વધતો જાય છે. ઈન્ફેક્શનનો ફેલાવો મોટા પાયે થઈ જાય તો ઘણી મોટી જાનહાનિની શક્યતા છે, જેનો સામાન્ય માણસને અંદાજ આવવો મુશ્કેલ છે. સરકારે વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે તે વખાણવાલાયક છે. એની સામે અણઘડ અને બહુ મોટી સેલિબ્રિટી છતાં અવૈજ્ઞાનિક અભિગમ ધરાવતા મહાનુભાવો ધાર્મિક અને પરંપરાગત ખ્યાલો ધરાવતાં ટ્વિટ કરે છે તે કેવી વિડંબના છે ! અમિતાભ બચ્ચન જેવી હસ્તીએ અમાવસ્યાના મુદ્દે કરેલી ટિપ્પણી સામે ઘણા લોકોએ વિરોધ નોંધાવી વૈજ્ઞાનિક અભિગમને પુરસ્કાર્યો છે. થાળી કે ઘંટડી વગાડવાથી ઊઠતાં વાઈબ્રેશન કોરોનાને થોડાં મારી હટાવી શકે ? વડાપ્રધાને તો એ સાંકેતિક સન્માન સફાઈ કામદારો અને તબીબી જમાતને બિરદાવવા માટે વ્યક્ત કરેલું. એથી કોરોના ભાગી જશે એવી હવાઈ ખ્યાલોમાં રહેનારા મૂર્ખોના સ્વર્ગમાં રાચે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વાર દેશની જનતાને સંબોધી આ અકલ્પનીય આફતનો સામનો કરવા વૈજ્ઞાનિક અભિગમ સાથે આગળ વધવાનો આગ્રહ રાખે છે. સંપૂર્ણ લોકડાઉનનું વફાદારીપૂર્વક અને ઈમાનદારીપૂર્વક પાલન કરવામાં જ શ્રેય છે. શહેરોની સાથે જ આખા દેશમાં લોકડાઉન જાહેર થતાં દુનિયામાં સૌથી મોટી લડાઈ ભારત લડી રહ્યું હોય એવો માહોલ સરજાયો છે. પંજાબમાં તો મુખ્યમંત્રી અમરિંદરસિંહે કર્ફ્યૂ જ લાગુ કરી દઈ બીજા રાજયોને ઉદાહરણ પૂરું પાડ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીએ શરુથી જ લોકડાઉન અપનાવ્યું છે અને એમને વિમાનોની અવરજવર બંધ કરવાની કરેલી અપીલને પણ સરકારે માન્ય રાખી છે. સ્થાનિક કે બહારની વિમાની સેવા સદંતર બંધ કરવાની ગુજારિશ પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી પણ કરતાં રહ્યાં છે. ટ્રેનો, બસો અને પ્રાઈવેટ વાહનોની અવરજવર પર પ્રતિબંધ લદાતાં મોટા ભાગની વસતિ જયાં છે ત્યાં સ્થિર થઈ ગઈ છે. કોરોનાનો કેર અટકાવવા આ પ્રકારનાં કડક પગલાં ખૂબ જ જરૂરી છે તે સરકારને અને પ્રજાને પણ સમજાઈ ગયું છે. વિદેશ પ્રવાસ કરીને આવેલા લોકોએ આ રોગ ફેલાવ્યો હતો તે સાચું, પરંતુ હવે એનો ફેલાવો લોકલ ટ્રાંસમિશનના ત્રીજા સ્ટેજમાં પ્રવેશી ચૂક્ય છે. ચેપના આંકડા વધતા જાય છે. કેટલાક નિષ્ણાતોના મતે ભારતમાં આ રોગ વકરવાની ઘણી બધી શક્યતાઓ છે, જે માત્ર અને માત્ર ઘરમાં પુરાઈ રહેવાથી જ ખાળી શકાય એમ છે. રાજય સરકારે શાળા કૉલેજોમાં રજાઓ જાહેર કરી છે અને ધોરણ-૧ થી ૯ તથા ૧૧ સુધીના વિદ્યાર્થીઓને માસ પ્રમોસન આપવાનો સ્તુતિ નિર્ણય કર્યો છે. આથી એક મોટો વિદ્યાર્થી સમુદાય કોરોનાના કેરથી બચી જશે એમાં બે મત નથી. ૨૬ માર્ચે યોજાનારી રાજયસભાની ચૂંટણી પણ કોરોનાએ મુલતવી રખાવી છે. માત્ર પાંચ-છ મિનિટના શપથવિધિ સંપન્ન કરી મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણની સરકાર કાર્યરત થઈ ગઈ છે. સંસદનું સત્ર પણ મોકૂફ રખાતા આખો દેશ એક નાનકડાં છતાં મહાભયંકર જંતુ વિરુદ્ધ યુદ્ધે ચડ્યો હોય એવો માહોલ સરજાયો છે. ટ્રમ્પની જેમ દરેક દરેક દેશનો નેતા ચીન પર ફિટકાર વરસાવી શકે : જો સમયસર ચેતવણી આપી હોત તો આ વાઈરસને ઊગતો જ ડામી દેવાના પ્રયાસો થઈ શક્યા હોત.

# ... કદાચ એ રહસ્યને તો સ્વયં કીર્તિદા જ જાણતી હતી



**નવાં કલેવર**

નટવર હેડાઉ

જયારે કીર્તિદા વહુ બનીને આ ઘરમાં આવી ત્યારે તેની સાસુએ ઘરની બહાર ચબુતરાની પાસે આવેલ લીમડાના છોડ બતાવીને કહ્યું હતું કે આ તારા પતિએ રોપ્યો છે. તે સમયે લીમડાનો એ છોડ ત્રણ ચાર ફૂટનો હતો. તેની ડાળખીઓ અને પાન ખુબ જ નાજુક હતા. લાલ રંગની નાની નાની કુંપળો ફૂટી હતી તે જોઈ કીર્તિદા ખુબ જ ખુશ થઈ હતી.

પતિનો રોપેલો લીમડો કીર્તિદાને ખુબ જ ગમતો હતો. તેની આસપાસ કીર્તિદાએ કયારો બનાવી દીધો હતો. સવારમાં વહેલા ઊઠીને સૌ પ્રથમ લીમડાને પાણી સીંચવાનું કામ તે કરતી. તેમાં તેને ખુબ જ આનંદ આવતો હતો.

દિવસો વીતવાની સાથે કીર્તિદાએ લીમડાની દેખભાળ અને સુરક્ષાની જવાબદારી સ્વયં સ્વીકારી લીધી હતી. તેણે થોડાક થોરનાં ઠીંડલા લાવી તેની આસપાસ રોપી રક્ષણ માટે વાડોલીયુ બનાવી દીધું હતું. તેમાં પણ કોઈ પ્રાણી નુકશાન ન કરે તે માટે બારડીનાં ઝાંખરાં કાપી વાડોલીયાને એકદમ મજબુત બનાવી દીધું હતું. તે દર ત્રણચાર દિવસે વાડોલીયું ખોલી લીમડાની આજુબાજુની જમીન ખોદી પોચી કરી દેતી હતી. અવાર નવાર છાણીયું ખાતર પણ નાંખતી તેથી લીમડાના છોડનો વિકાસ બહુ સરસ થઈ રહ્યો હતો. કીર્તિદા વહુ હવે કીર્તિદા દાદી બની ગયા હતા. તેમના પતિ તો કેટલાંય વર્ષ પહેલાં જતા રહ્યા હતા.

કીર્તિદા દાદી હવે સવાર સાંજ ચબુતરાના એ લીમડાની પાસે કોથળો પાથરી બેસી રહેતાં કદાચ એ રહસ્યને તો સ્વયં કીર્તિદા જ જાણતી હતી કે આ લીમડા સાથે તેને શો સંબંધ છે.

થોડા મહિના બાદ કીર્તિદાના મોટા પૌત્રનાં લગ્ન હતાં. તેથી ઘરમાં વાતો થવા લાગી હતી કે લીમડો કપાવીને ચબુતરા પાસે એક મોટો ઓરડો બનાવડાવી દઈએ. આ વાત જયારે કીર્તિદાના કાને પડી તો તેને બહુ મોટો આંચકો લાગ્યો. તે દિવસથી ઉદાસ રહેવા લાગી. તે પછી તેણે ખોરાક લેવાનું પણ છોડી દીધું. અચાનક માંની તબિયત ખરાબ થઈ એ જોઈ દીકરા ચિંતા કરવા લાગ્યા. તેમણે ડૉકટર પાસે લઈ જઈ બતાવ્યું. પણ તેની બિમારી પકડાઈ નહીં. કીર્તિદા દાદીને હવે વધુને વધુ નબળાઈ આવી રહી હતી. આખો દિવસ લીમડાને તાકીને બેસી રહેતા ને બોલે કે ન ચાલે. ઘરમાં તે પથારીવશ થઈ ગયા હતાં. દીકરા અને વહુઓ તેની ખુબ જ સેવા કરતાં હતા. પણ કંઈ ફરક પડતો ન હતો.

એક દિવસ તેણે પોતાના દીકરાઓને કહ્યું, બેટા, મને બહાર ચબુતરા પાસે લઈ જાવ. મારે એ થોડો સમય ત્યાં બેસીને લીમડાની છાયામાં રહેવું છે.

દીકરા-વહુઓએ તેમનો ખાટલો ચબુતરા પાસે લીમડાના છાંયે મુકી દીધો. બધાં આશ્ચર્યથી તેમને જોવા લાગ્યા.

કીર્તિદા દાદી અપલક નયને લીમડાને જોઈ રહ્યા હતા. કોઈને ખબર પણ ન પડી કે કયારે તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું.

# લોકોના વ્યવહાર અને વર્તન થકી અનેક યુગલો અને સમાજ ખંડીત થતો રહ્યો છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

દશરથ-કૌશલ્યા-સુમિત્રાનો અને શ્રીરામ- સીતાજીનો ક્રૌંચ વધ તો તેઓના લગ્ન પછી ઘણા વર્ષે થયો હતો. સાંપ્રત સમયમાં યુવાન યુગલોનો ક્રૌચવધ માત્ર લગ્ન પછી જ થતો હોય છે એવું નથી. લગ્ન પહેલા પણ ક્રૌંચવધ થતાં રહે છે. કોઈ બે સાચા પ્રેમીઓને ખુલ્લા પાડવા અને વિખૂટા પાડવા ઘણી મંથરાઓ સતત સક્રિય રહેતી હોય છે. યુવાન અને યુવતીઓની સગાઈ પછી અને લગ્ન પહેલા આ પ્રકારની વૃતિ ધરાવતી વ્યક્તિઓ પોતાની વૃતિને પ્રવૃત કરીને કેટલાય યુગલોનો લગ્ન પહેલા જ વધ કરીને તેઓના સપનાઓને રગદોળી નાખતા હોય છે. આ પ્રકારની વૃતિ ધરાવતી કેટલીક વ્યક્તિઓનું બસ કામ જ એક હોય હોય છે કહો કે, તેઓ આ પ્રકારના એક જ ધ્યેય સાથે જીવતા હોય છે કે પોતાના જીવન દરમ્યાન વધુમાં વધુ યુગલો, પરિવારોને બરબાદ કરવા અને વિકૃત આનંદ માણવો.

ઘર અને કુટુંબમાં સુખી લગ્ન જીવન જીવતા દંપતિઓને વિખૂટા પાડવા માટે ઘણી બધી મંથરાઓ વિવિધ સ્વરૂપે તેઓની આસપાસ કાર્યરત હોય છે. સુખી યુગલોનું સુખ ન જોઈ શકનારા અંગત સંબંધીઓ, પાડોશીઓ કે સગા અંબંધીઓ પણ પોતાની આ પ્રકારની વૃતિને પ્રવૃત કરીને યુગલોને ખંડિત કરતાં હોય છે. માત્ર યુગલો ખંડિત નથી થાત તેઓના ખિલતા ગુલાબ જેવા બાળકો કા તો બાપ વિનાના, કા માં વિનાના ને ક્યારેક માં-બાપ વિનાના થઈ જતાં હોય છે અને જીવનભર ઓશિયાળા બની જતાં હોય છે. આપણાં સમાજમાં જે કોઈ યુગલો વિખૂટા પડતાં હોય છે, જે કોઈ સંસાર તૂટતાં હોય છે, જે કોઈ છૂટાછેડાના કિસ્સાઓ બનતા હોય છે તેની પાછળ આ પ્રકારની વૃતિઓ ધરાવનાર લોકોનો મોટો હાથ હોય છે.

આ પ્રકારની વૃતિ ધરાવતી વ્યક્તિઓ પોતાના વાણી પ્રયોગમાં એકકા હોય છે. વાણી જ તેમનું અમોઘ શસ્ત્ર હોય છે અને વાણી દ્વારા તેઓ પોતાનું નિશાન તાકી શકતા હોય છે. મંથરાએ જ્યારે રાણી કૈકૈયીની કાન ભંભેરણી કરી ત્યારે મંથરાનો વાણીપ્રયોગ પરાકાષ્ઠાએ પહોચ્યો હતો. તે મંથરાએ કૈકૈયીનું “Emotional Blackmailing” કરવામાં કોઈ જ કચાસ રાખી ન હતી. મંથરાએ કૈકેયીને કહ્યું હતું ‘‘મજન્તિ દુઃખ સાગરે’’ અર્થાત તું દુઃખના સાગરમાં ડૂબી રહી છે. ‘‘અનાથવત’’ અર્થાત તું અનાથની જેમ બધા સુખોથી વંચિત થયી જશે. ‘‘દેશાન્તરે‘‘ અને ‘‘લોકાન્તરે’’ જેવા શબ્દોનો પ્રયોગ કરીને મંથરાએ કૈકેયીને એવો ભય પમાડયો હતો કે તને તેઓ દેશની બહાર કાઢી મૂકશે અથવા પરલોકમાં પહોચાડી દેશે. આમ મંથરાએ કૈકૈયીને પોતાની વાણી દ્વારા તેને ભય પમાડયો હતો, ભરત પ્રત્યેના સ્નેહમાં લપેટી લીધી હતી અને સ્ત્રીસહજ ઈર્ષા પેદા કરી હતી. આમ આ પ્રકારની વૃતિ ધરાવતી વ્યક્તિઓ મનોવિજ્ઞાનના અચ્છા જાણકાર હોય છે જે સામેની વ્યક્તિને પોતાની વાણી દ્વારા વશીકરણ દ્વારા પોતાની વાત ગળે ઉતારી દેતા હોય છે. આવી વ્યક્તિઓ પોતાની વાણીને મારી-મચડીને, ખોટી વાણીને સાચી ઠેરવીને, પોતાની વાણીને ભરોષાપાત્ર ઠેરવીને, પોતાની વાણીને અન્ય લોકોનો પણ ટેકો છે એવું સાબિત કરીને પોતાના હેતુ સિદ્ધ કરીને એકાદ યુગલ કે પરિવાર જ નહીં, લાંબા ગાળે સમગ્ર સમાજનું અહિત કરી દેતા હોય છે. સમગ્ર સમાજને ખેદાન-મેદાન કરી દેતાં હોય છે.

ઉપર કહ્યું એમ મનોવિજ્ઞાનના અચ્છા જાણકાર આ પ્રકારના લોકો વ્યક્તિના મનની નબળાઈ પારખવામાં ખૂબ જ પાવરધા હોય છે. કઈ વ્યક્તિને, કયા સમયે, તેના મનની કઈ નબળી નસ દબાવવી કે ક્યાં ઘા મારવો એ સારી રીતે તેમને પારખતા આવડતું હોય છે. આ પ્રકારના લોકોનો ઘા ભાગ્યે જ નિષ્ફળ જતો હોય છે કારણકે તેઓ લોકોની મનોભૂમિ, લોકોની મનોદિશા અને લોકોની મનોદશા, આ ત્રણેયને સારી રીતે જાણતા હોય છે.

ઈશ્વરની આપણને ખબર નથી. કર્મના સિદ્ધાંતની કેટલીક સચોટ સાબિતીઓ આપણી નજર સામે નથી. પણ એક વાત સત્ય છે કે કૌચવધ કળા ધરાવતી વ્યક્તિઓ, મંથરાવૃતિ ધરાવતી વ્યક્તિઓ જેઓ અનેકના જીવન બરબાદ કરતાં હોય છે તેમનું જીવન પણ સુખી નથી હોતું. કદાચ, તેઓના જીવનમાં પણ આ જ પ્રકારની વૃતિ ધરાવતા કેટલાક લોકોએ બરબાદી નોતરી હશે. તેઓનો વર્તમાન ભલે સારો હોય, સુખી હોય પણ પાછલા જીવનમાં તેઓ ક્યારેય સુખી થતા નથી. આ સત્યને કર્મનો સિદ્ધાંત કહીએ કે ‘‘લણો એવું પામો ‘‘ એવું કહીએ. જે હોય તે, નિયતિ ક્યારેય કોઈને છોડતી નથી એ હકીકત છે. આખરે તો આપણે સૌ નિયતિના ગુલામ છીએ, નિયતિ પાસે લાચાર છીએ.

માણસનું મન વૃતિઓનો ભંડાર છે. કેટલીક વૃતિઓ પ્રકૃતિગત હોય છે તો કેટલીક વૃતિઓ આપણા ઉછેર દરમ્યાન કેળવાતી હોય છે કહો કે સંસ્કારમાં મળતી હોય છે. આપણાં સૌમાં મોટાભાગની વૃતિઓ પડેલી જ હોય છે. સમયાંતરે કેટલીક વૃતિઓ જાગૃત થતી હોય છે. કેટલીક વૃતિઓ આપણે પરાણે જાગૃત કરતાં હોઈએ છીએ. મંથરાવૃતિ પણ આ જ પ્રકારની એક વૃતિ છે જે આપણાં સૌમાં વત્તા-ઓછા અંશે પડેલી જ હોય છે. આપણાંમાથી કેટલાક લોકો એ વૃતિને જાગૃત જ નથી કરતાં, કેટલાક જાગૃત થયેલી વૃતિને દાબી રાખતા હોય છે તો કેટલાક તે વૃતિનો નકારાત્મક ઉપયોગ કરતાં હોય છે.

આપણી વૃતિ આપણે ઓળખી શકીએ, વૃતિઓને ઓળખીને તેનું નિયમન કરી શકીયે તો અનેક યુગલો, પરિવારો વેરવિખેર થતાં બચી જશે. તેઓનો તો બેડો પાર થશે, સાથે સાથે આપણો પણ બેડો પાર થઈ જશે.

# દોડતા દોડતા લોકો હવે અસ્તિત્વના સંઘર્ષમાં થંભી ગયા !



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જન્મથી મરણ વચ્ચેની સફરને જીવન કહેવાં આવે છે. સજીવ સૃષ્ટિના બધા જીવો સદીઓથી ઉત્પન્ન થતા રહ્યા અને મૃત્યુને શરણ થતા રહ્યા છે. એ ક્રમમાં કોઈ નવીનતા નથી. કુદરતનો ક્રમ છે કે જેનો જન્મ થાય છે તેનો લય પણ નિશ્ચિત જ હોય છે, અને દરેક માનવી આ બધુ જાણે છે તથા અનુભવે છે તેમ છતા તેના દિલમાં વધુ જીવી લેવાની તમન્ના કે જિજીવિષા અવશ્ય પ્રવર્તે છે !

જીવન અમર્યાદ હોતુ જ નથી તો બીજી તરફ મેળવવાની ઝંખના, સ્વપ્ના, અપેક્ષાો ખુબ અમર્યાદિત રહેલી હોય છે એટલે જીવનના અંત બાદ કોઈ જ અંત આવતો નથી મતલબ કે મોક્ષ અત્યંત દુષ્કર બાબત હોય છે. જીવનની અંદર જીવન શોધવું એ સહજ ક્રમ હોવો જોઈએ છતાં સમાજમાં બધા જીવન જીવતા જ નથી એ લોકો સતત્ ક્ષણભંગુર ભૌતિક હકીકતો પાછળ દોડતા દોડતા પૃથ્વી ઉપરતી વિદાય પામે છે જે એકઠું કંઈક કર્યુ તો પણ તેનો ઉપભોગ પણ કરી શકતા નથી. દો દિન કા મેલા જેવી જિંદગી બહુ વિચિત્ર છે અને તેના રંગ રુપ અકલ્પનિય તથા બહુ જ ચંચળ રહે છે!! માનવ જન્મ ઘણા બધા પુણ્યકર્મોના ફળ બદલ પ્રાપ્ત થાય છે ત્યારે માણસે અંદરથી ઋજુતા રાખી થોડું પરકાજે પણ જીવવું જોઈએ તેમ છતાં આ મુજબ બનવું નથી. જીવનમાં હકારાત્મક વલણથી જીવતા લોકોનું વિચારવું કંઈક નીચેના શૅરમાં વ્યક્ત થયા મુજબ હોય છે.

આવતીકાલે સૂરજ ઊગશે
આજ ભલે હો અંધારા જેવું
કોઈ ને કોઈ તો આવશે નક્કી
તું નહીં તો કોઈક તારા જેવું !!

વિશ્વની સ્પર્ધામાં માત્ર ભૌતિક વિકાસ ઉપર જ ધ્યાન કેન્દ્રીત થતા અંતે તેનું દબાણ પ્રત્યેક દેશના બધા જ મામસો ઉપર આવતું જ ગયું પરિણામે દુનિયામાંથી ક્રમશઃ ભાવુકતા, કરુણા, દયા, માનવતા જતા રહ્યા અને ધંધાધારી દુનિયા ઊભી થઈ એટલે જીવવા માટે કાતિલ સંઘર્ષ સર્જાઈ ગયો. વિકાસ કે પ્રગતિની સાચી વ્યાખ્યા કરવામાં જ બધા ખોટા સાબિત થયા પરિણામે ગ્લોબલ વોર્મિંગ આવ્યું, હિંસાચાર વધ્યો, વમનસ્ય વિસ્તર્યું, નાણાં કમાઈ લેવાની હોડ ઊભી થઈ અને સત્ય તદન ભૂગર્ભમાં જતું રહ્યું - આ બધાના લીધે વિશ્વ વિકૃત અને બિહામણું થઈ ગયું !!

આજની દુનિયા ઉપર એક સુંદર શૅર છે

જૂઠ હી જૂઠ હૈ દુનિયા મેં
સચ કો સમજે કૈસે ?
નકાબો સે ભરે બાઝાર મેં
આઈના બેચે કૈસે ?

વિવિધ રાષ્ટ્રો વચ્ચેના વ્યવહારોમાં કૂટનીતિ તો હોય છે પણ ત્યાં બજારની દૃષ્ટિએ સંબંધોના વર્તુળ બનવા લાગ્યા અને સમય જતા સમગ્ર સૃષ્ટિ જે અતિ સુંર જીવવા લાગક હતી તેની ઘોર ખોદી નાખવામાં કશુ બાકી રાખ્યું નહીં. વૈશ્વિક ભૂખમરો, દર્દો, બેકારી, આતંકવાદ, ધૃણા, નફરત, હત્યા વગેરેના લીધે માનવ ત્રસ્ત થઈ દુવા માંગવા મજબૂર થઈ ગયો. દુવામા પણ પ્રેમ અવશ્ય જોઈએ અન્યથા એ ઈશ્વર કે ખુદા સુધી પહોંચતી જ નથી. નાણાએ પ્રભુત્વ જમાવ્યું અને ઈન્સાનિયત જતી રહી ! હવે આ સ્થિતિમાં ચીનના વુહાન સિટીમાંથી નીકળેલો કોરોના વાઈરસે વિશ્વમાં કાળો કેર ઊભો કર્યો છે. આ વાઈરસની કારગત રસી કે દવા શોધી શકાઈ નથી. સંક્રમણ ઝડપથી વધતુ જાય છે બધાં જ રાષ્ટ્રો પરેશાન છે. મોદીજીના સંબોધન મુજબ ૨૨ માર્ચે જનતા કર્ફ્યૂનો પ્રભાવશાળી સહયોગ ખુબ જ ઉમદા હકીકત છે. અને હવે દેશના વિવિધ વર્ગોના ઐક્યની પણ તાતિ જરૂરિયાત છે. જે દેશની તાકાત માટે પ્રથમ શરત હોય છે. જીવનના ક્રમમાં પ્રથમ સ્વયંનું અસ્તિત્વ તે પછી વિકાસ, વિવિધતા, આનંદ પ્રગતિ વગેરે આવતું હોય છે. ખુદનાં જીવનને પુષ્કળ ચાહવું એ સમસ્ત વિશ્વના પ્રેમ પ્રાગટ્યનું પ્રથમ પગથિયું છે.

તારુ અને મારુ સરનામું
મળે એમ તો નથી,
છતા કોઈ શોધે તારામાં
અને હું ના મળું એમ પણ નથી !

કવિ રમેશ પારેખના શૅરમાં જીવનના અર્થની સચ્ચાઈ છે

જુઓ અડધો ગુનો છે મારો કે
ચાહુ છું હું તને
ચાહે જો તું તો આ ગુનો
આખો કરી શકાય.

પારસ્પરિક પ્રેમ એ શાંતિ સભર જીવનનું મોટું ઔષધ છે અને હવે દોડતા દોડતા લોકો થાકીને સ્વયંના અસ્તિત્વ માટે થંભી જવા લાગ્યા એ જ દર્શાવે છે કે જે સ્પર્ધાત્મક વિશ્વ ઊભું કર્યું તે સ્નેહહીન, સત્ત્વહિન અને તત્ત્વહિન હતું !! એક ઈન્સાન બીજા ઈન્સાન પર વિશ્વાસ રાખી ના શકે તેવી દુનિયા વિકાસ સાધી શકે જ નહીં. પ્રેમ રતન ધન પાયો - એ દિવ્ય ભાવના જોઈએ.

ખુદની હાજરીથી વધુ મૂલ્યાન કોઈ ચીજ આ પૃથ્વી ઉપર નથી કેમ કે સુખ-દુઃખના કે અહેસાસોના સહારે જીવન વિતતું હોય ત્યારે વ્યક્તિ જીવંત તો હોવી જોઈએ. વિશ્વ વાસ્તવમાં વિચારોથી બનેલું છે તેવી વૈચારિક ગુણવત્તા અતિ મહત્વની છે. વધુ પડતી જિજ્ઞાસા, ઉત્સાહ કે આવેશ અંતે સાચા આનંદનો નાશ કરે છે. આ નિયમ વિશ્વને પણ લાગુ પડે છે. કુદરતના ક્રમને પણ વેરવિખેર કરી નાખ્યો છતાં માનવજાત અંતે કશું પામી નહીં તેથી મહામારીના તબક્કામાં હવે જીવન બચાવવા તલપાપડ છે !! હેમેન શાહની કૃતિ જાણો -

રસ્તે રસ્તે શઠ ઊભા છે
મંદિર મસ્જિદ મઠ ઊભા છે
પાણી લઈને હઠ ઊભા છે
ખેતર સુકા ભઠ ઊભા છે.
કાચા લીલા પાન ખરે છે
ઠુંઠા સાવ જરઠ ઊભા છે
કોઈ ફરકતું ચકલું ક્યાં છે ?
લોકો હકડેઠઠ ઊભા છે
પ્રશ્ન હજી તો એક જ ઉકેલ્યો
ત્રણસો ને ચોસઠ ઊભા છે

**શેર આસ્વાદ :**
**નુમાઈશ કા જલ્વા હૈ**
**લોકો કે જેહન પર**
**રૂહ મેં આજકાલ**
**ઝાંકતા કૌન હૈ?**